**કોણ શું શીખવે છે?**

| | | |
|---|---|---|
| ગુલાબ | : | દુ:ખમાં પણ હસતા રહો. |
| ઘડિયાળ | : | હંમેશાં કાર્યરત રહો. |
| સૂર્ય | : | નિયમિત બનો. |
| કાતર | : | તમારામાં વસેલા દુર્ગુણોને કાપી નાખો. |
| દીપક | : | અંધકાર દૂર કરી પ્રકાશ ફેલાવો. |
| વૃક્ષ | : | બીજાના ભલા માટે હંમેશ ઊભા રહો. |
| ચંદન | : | તમે ઘસાઓ પરંતુ બીજાને શીતલતા આપો. |
| ફુગ્ગો | : | ફૂલતા રહેશો તો જ શોભશો. |
| ભમરો | : | સુખ અને દુ:ખમાં ગાતા રહો. |
| કૂતરો | : | મર્યાદામાં રહેશો તો શોભશો. |

**ગણિત ગમ્મત**

| | | |
|---|---|---|
| ૯૯૯ x ૧૧ + ૧૧ | = | ૧૧,૦૦૦ |
| ૯૯૯ x ૨૨ + ૨૨ | = | ૨૨,૦૦૦ |
| ૯૯૯ x ૩૩ + ૩૩ | = | ૩૩,૦૦૦ |
| ૯૯૯ x ૪૪ + ૪૪ | = | ૪૪,૦૦૦ |
| ૯૯૯ x ૫૫ + ૫૫ | = | ૫૫,૦૦૦ |
| ૯૯૯ x ૬૬ + ૬૬ | = | ૬૬,૦૦૦ |
| ૯૯૯ x ૭૭ +૭૭ | = | ૭૭,૦૦૦ |
| ૯૯૯ x ૮૮ + ૮૮ | = | ૮૮,૦૦૦ |
| ૯૯૯ x ૯૯ + ૯૯ | = | ૯૯,૦૦૦ |

**અદ્‌ભૂત ત્રિકોણ**




અહીં આપેલા આકૃતિમાં ચાર મોટા ત્રિકોણ છે. દરેક ત્રિકોણમાં પણ ચાર નાના નાના ત્રિકોણ છે. આ દરેક નાનાં ત્રિકોણમાં એક સંખ્યા મૂકવામાં આવી છે. ભેગા મળી જવાથી કુલ નાના ૧૦ ત્રિકોણમાં ૧ થી ૧૦ સુધીની સંખ્યા એક જ વાર મૂકવામાં આવી છે. તો એની વિશિષ્ટતા બતાવો.

<u>વિશિષ્ટતા</u> : આ મોટા ત્રિકોણનો સરવાળો ૨૫ – ૨૫ આવે છે.

સમજ : (૧) ૧ + ૬ + ૮ + ૧૦ = ૨૫ (૨) ૨ + ૪ + ૯ + ૧૦ = ૨૫

(૩) ૩ + ૫ + ૭ + ૧૦ = ૨૫ (૪) ૬ + ૪ + ૫ + ૧૦ = ૨૫

બીજી પણ રીતે આવી શકે છે તે આ પ્રમાણે.

(૧) ૬ + ૨ + ૧૦ + ૭ = ૨૫ (૨) ૫ + ૧ + ૧૦ + ૯ = ૨૫

(૩) ૪ + ૮ + ૧૦ + ૩ = ૨૫

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

## સંખ્યાનો ચમત્કાર

એક રકમ એવી છે કે જેને ૧૦ ભાગીએ તો શેષ ૯ આવે અને ૯ થી ભાગીએ તો શેષ ૮ આવે, ૮ થી ભાગીએ તો શેષ ૭ આવે એમ ક્રમસર જે સંખ્યાથી તેને ભાગો તેનાથી એક ઓછી શેષ આવે તો એવી કઈ સંખ્યા હશે? જવાબ. ૨૫૧૯

## સીધુ ઉલટું એક સમાન (આગળ – પાછળથી વાંચી જુઓ)

| | |
|---|---|
| લીમડી ગામે ગાડી મલી, | જો ધારા રાધા જો. |
| જો નવજીવન જો. | લે રતીયા તીર લે. |
| રમા રતીને તીર માર. | જો મજાનો જામ જો. |
| જો ખીમા માખી જો. | જો રાની નીરા જો. |
| જો ચુનિયા નીચુ જો. | જારે બાવા બારે જા. |
| રોડથી ડરો, રોફથી ફરો. | જા માનવ તું વનમા જા. |

## ગણિત ગમ્મત

(૧) તમારા મિત્રને કોઈ એક સંખ્યા મનમા ધારવાનું કહો.(દા.ત. ૮૬)

(૨) તે સંખ્યાને બે વડે ગુણવાનું અર્થાત્ બમણી કરવાનું કહો. (૮૬ x ૨ = ૧૭૨ કરશે.)

(૩) જવાબમાં ૪ ઉમેરાવો (૧૭૨ + ૪ = ૧૭૬ કરશે.)

(૪) આવેલ જવાબને ૫ વડે ગુણવાનું કહો. (૧૭૬ x ૫ = ૮૮૦ કરશે.)

(૫) હવે ફરી ૧૨ ઉમેરવાનું કહો (૮૮૦ + ૧૨ = ૮૯૨)

(૬) આવેલી સંખ્યાને ૧૦ વડે ગુણવાનું કહો એટલે ઉપરના જવાબની સંખ્યાને છેડે શૂન્ય મૂકી દેવાનું રહેશે. (૮૯૨ x ૧૦ = ૮૯૨૦ થશે.)

(૭) હવે આવેલ જવાબી સંખ્યા પૂછો તે કહેશે ૮૯૨૦ તમે તરત જ કહેશો કે તે સંખ્યા ૮૬ ની સંખ્યા ધારી હતી.

જવાબ રહસ્ય : આવેલ જવાબમાંથી ૩૨૦ મોઢે બાદ કરો. પ્રથમ બે અંકો તમારો જવાબ બનશે.

## નવની કરામત

૧) નવનો આંકડો અખંડ છે. નવને કોઈ પણ સંખ્યાથી ગુણવામાં આવે તો અંતે જવાબ નવ જ આવે છે. દા.ત. ૯ x ૨ = ૧૮, ૯ x ૩ =૩૬ અને સરવાળો નવ (૩ + ૬ = ૯).

૨) નવનો સરવાળો થાય એવી કોઈ પણ સંખ્યાસાથે કોઈ પણ સંખ્યાને ગુણતા જવાબ નવ જ આવશે.દા.ત. ૨૭ x ૨૬ = ૭૦૨ (૭ + ૦ + ૨= ૯)

૩) કોઈ પણ એક સંખ્યા ધારો દા.ત. ૩૩૨ આ સંખ્યામાં જે કુલ ત્રણ અંક છે તેનો સરવાળો કરો (૩+૩+૨ =૮) હવે સરવાળો કરતા આવેલી રકમને મૂળ રકમમાંથી બાદ કરો એટલે કે ૮ ને ૩૩૨ માંથી બાદ કરો તો જવાબ આવે ૩૨૪ હવે એ ત્રણ અંકનો સરવાળો એટલે જવાબ આવે ૯ (૩+૨+૪ = ૯)

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

૪) કોઈ પણ એક રકમ ધારો એને ઉલટાવો અને પછી મૂળ રકમ અને ઉલટાવેલી રકમ વચ્ચેનો તફાવત કાઢો તો જવાબ આવશે નવ. દા.ત. ૧૨ મૂળ રકમ હોય અને એને ઉલટાવીએ તો રકમ ૨૧ થાય. બે રકમ વચ્ચે નો તફાવત આવ્યો નવ. (૨૧–૧૨ = ૯)

૫) શૂન્ય થી નવની સંખ્યામાં ક્રમશ: સૌથી નાના અને સૌથી મોટાનો સરવાળો કરો તો જવાબ નવ મળશે. દા.ત.૦ + ૯ = ૯,

૧ + ૮ = ૯,
૨ + ૭ = ૯,
૩ + ૬ = ૯.

jainuniversity.org

## સંખ્યા ની ગમ્મત

| | |
|---|---|
| ૫૨૯૧ X ૨૧ = | ૧૧૧૧૧૧ |
| ૫૨૯૧ x ૪૨ = | ૨૨૨૨૨૨ |
| ૫૨૯૧ x ૬૩ = | ૩૩૩૩૩૩ |
| ૫૨૯૧ x ૮૪ = | ૪૪૪૪૪૪ |
| ૫૨૯૧ x ૧૦૫ = | ૫૫૫૫૫૫ |
| ૫૨૯૧ x ૧૨૬ = | ૬૬૬૬૬૬ |
| ૫૨૯૧ x ૧૪૭ = | ૭૭૭૭૭૭ |
| ૫૨૯૧ x ૧૬૮ = | ૮૮૮૮૮૮ |
| ૫૨૯૧ x ૧૮૯ = | ૯૯૯૯૯૯ |

આંકડા ધ્યાનથી વાંચો અને તેની વિશેષતા શોધી

## મિચ્છમિ દુક્કડમ્ એટલે ?

सर्व ज्ञानाय भवतु

મિ : મિથ્યા અભિમાન ન કરવું.
ચ્ : ચોરી કદી ન કરવી.
છા : છાતી કાઢીને ન ફરવું.
મિ : મિથ્યા વાણી ન બોલવી.
દુ : દુઆ મેળવવા વિનયી બનવું.
ક્ : કલેશ કરવો નહિ.
ક : કહ્યાગરા થવું.
ડં : ડંખ કદી ન રાખવો.

# જીવનની બારાક્ષરી

ક : કહે છે કલેશ ન કરો.
ખ : કહે છે ખરાબ ન કરો.
ગ : કહે છે ગર્વ ન કરો.
ઘ : કહે છે ઘમંડ ન કરો.
ચ : કહે છે ચિંતા ન કરો.
છ : કહે છે છળથી દૂર રહો.
જ : કહે છે જવાબદારી નિભાવો.
ઝ : કહે છે ઝઘડા ન કરો.
ટ : કહે છે ટીકા ન કરો.
ઠ : કહે છે ઠગાઈ ન કરો.
ડ : કહે છે ક્યારેય ડરપોક ન બનો.
ઢ : કહે છે ‘ઢ’ન બનો.
ત : કહે છે બીજાને તુચ્છકારો નહી.
થ : કહે છે થાકો નહી.
દ : કહે છે દીલાવર બનો.
ધ : કહે છે ધમાલ ન કરો.
ન : કહે છે નમ્ર બનો.
પ : કહે છે પ્રેમાળ બનો.
ફ : કહે છે ફુલાઈ ન જાઓ.
બ : કહે છે બડબડ ન કરો.
ભ : કહે છે કોઈને ભારરૂપ ન બનો.
મ : કહે છે મધૂર બનો.
ય : કહે છે યશ મેળવો.
ર : કહે છે રાગ ન કરો.
લ : કહે છે લોભી ન બનો.
વ : કહે છે વેર ન રાખો.
શ : કહે છે કોઈને શત્રુ ન માનો.
સ : કહે છે સાચુ બોલો.
ષ : કહે છે ષટ્કાયના જીવની રક્ષા કરો.
હ : કહે છે હંમેશા હસતા રહો.
ક્ષ : કહે છે ક્ષમા આપતા શીખો.
જ્ઞ : કહે છે જ્ઞાની બનો.

jainuniversity.org
सर्वं ज्ञानाय भवतु

## ઉખાણા

૧) પાંચ વેતની પુતળી, મુખ લોઢાના દાંત,
નિત ઊઠી મારે કામિની, તો લાવજો મારા કંત

૨) વનિતા કેરો બેટડો, વનમાં તેની માય,
છતી આંખે આંધળું, જ્યાં મુકે ત્યાં જાય.

૩) ચાલું છું હું ચરણ વિના દોરે ત્યાં દોરાઉં,
વહું ભાર બહુ પીઠ પર, ખાજ અગ્નિનો ખાઉં

૪) પીળામાંથી પેદા થયો, પણ કાળો એનો રંગ,
વગર પાંખે ઊંચે ઊડે, એના નથી ઘાટ કે ઢંગ

૫) વગર પગે ઘર ઘર ફરે, અવાચક વિધાન,
પણ સમજાવે સાનમાં, ભાખો ચતુર સુજાણ

૬) દીધું તે વળી દઈ દીધુ, દીધેલુ ન રખાય
યા તો દઈને પાળીયે,નહીં તો કિંમત જાય.

૭) ધોળા શરીરે કાળા ધાબા, નથી આંખ કે મોઢું
તો ય ભણાવે જેને એવા, ગુરુજીને કયાં શોધું.

૮) પગ વિના ડુંગર ચઢે મુખ વિના ખડ ખાય
રાજા પૂછે વજીરને એ કયું જનાવર જાય.

૯) ભમે ભૂમિમાં પગ વિના આણે વસ્તુ અનેક
જીવ વિના જગ જીવ છે તે મોકલજો એક.

૧૦) પીળો પણ પોપટ નહી, ડંખ પણ નહીં નાગ,
ઉડે પણ પંખી નહીં પંડિત કરે વિચાર

૧૧) શિયાળે ઉનાળે ઉપજે ચોમાસે જળ જાય
નહિ પડ કે પાંદડું વરણ અઢારે ખાય.

૧૨) ડાળીથી જુદું થઈને, સોયથી ઘાયલ થાઉં છું,
છતાં પણ ધન્ય છે મારું ભાગ્ય,
હું ભગવાનને સમર્પિત થાઉં છું.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

૧૩) એક સરખાં અમે બે ભાઈ, બંને રહીએ સાથે
દબાઈને તમારા કદમો નીચે,
પત્થર કાંટાથી કરીએ લડાઈ

૧૪) વચ્ચેથી અક્ષર જાય તો બને સાર,
મારો છે એક અલગ સંસાર,
અનેક પ્રાણીઓનો હું ઘર–બાર.
મારામાં સમાયાં રત્નોનાં ભંડાર.

૧૫) ભૂમિ પર જન્મી છતાં જળમાં કરે વાસ,
ભૂમિ પર ડગ ના ભરે, જળમાં દોડે ખાસ

૧૬) એક નર ને ધડ ત્રણ ધડે ધડે પગ ચાર,
પગે પગે ત્રીશ આંગળીને પ્રતિ આંગળ નખ આઠ

જવાબ :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સાંબેલું | ૭ | પુસ્તક | ૧૨ | ફૂલ |
| ૨ | શ્રીફળ | ૮ | આગ | ૧૩ | ચંપલ |
| ૩ | આગગાડી | ૯ | રૂપિયા | ૧૪ | સાગર |
| ૪ | ધુમાડો | ૧૦ | ભમરો | ૧૫ | હોડી |
| ૫ | પત્ર | ૧૧ | મીઠું | ૧૬ | વર્ષ |
| ૬ | વચન | | | | |

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु